શહેરમાં વાજતે-ગાજતે ગણપતિ બાપાની પધરામણી

સેક્ટર-૨૨

સોમનાથ મહાદેવ, સેક્ટર-૧૬

જીઈબી કોલોની

સેક્ટર-૧૬

ભુવનેશ્વરી શક્તિ પીઠ, સે. ૬

સેક્ટર-૨૨

સેક્ટર-૨/ડી

સેક્ટર-૨૨

સેક્ટર-૬

સેક્ટર-૧૭

સુમન ટાવર, સે.૧૧

શહેરમાં આજે ગણેશચર્તુથી નિમિત્તે ગણેશભકિતનો અનોખો માહોલ છવયો હતો. ગણેશોત્સવના પ્રારંભે સેકટરોમાં વિઘ્નહર્તાની શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેકટરોની શેરીઓ ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી ગુંજી ઉઠી હતી. ડી જે ની સુરાવલી વચ્ચે સેકટરોના વિવિધ રૂટ પર ભગવાન ગણેશજીની શોભાયાત્રાનુ ઠેર ઠેર સ્વાગત થયુ હતુ. સેકટરવાસીઓ પણ દુંદાળાદેવના દર્શન માટે ઉત્સાહભેર ઉમટી પડયા હતા. ગુલાલની ઉડતી છોળ વચ્ચે ભાવિકો ગરબે ઘુમ્યા હતા.ગણેશજીની દિવ્ય મુર્તિને સેકટરોની પરિક્રમણા કરાવી નિયત સ્થાને સ્થાપના કરી ભાવિકો દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી.પુજા વિધી અને આરતી સાથે ભાવિકોએ વિઘ્નહર્તાને પ્રાર્થના કરી હતી.સવારે જુના અને નવા સેકટરોમાંથી ગણેશજીની શોભાયાત્રા નિકળતા દર્શનાર્થીઓની ભીડ જામી હતી. શોભાયાત્રામાં પણ વાહનો સાથે ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરીજનો ગણેશભકિતમાં તલ્લીન થયા હતા. ગણેશજીની શોભાયાત્રાના લીધે નગરના જનજીવનમાં પણ અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી.

શહેરમાં દેવીપૂજક સમાજનું સંમેલન યોજાશે

દેવીપૂજક સમાજનો ૧૧ ટકા અનામત તથા અન્ય પડતર પ્રશ્નોને મુદ્દે રણટંકાર

ગાંધીનગર, તા. ૫

દેવીપૂજક જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવાની માંગ સાથે આગામી તા. ૮ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના સેક્ટર-૬ ખાતે સમગ્ર

રાજ્યમાંથી હજારો દેવીપૂજકો એકત્ર થશે અને પોતાની માંગણીઓ સંદર્ભે રાજ્યના મુખ્યપ્રધાનને આવેદનપત્ર આપશે. ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી દેવીપૂજક અને વિચરતી વિમુક્ત એવી ૪૦ જ્ઞાતિઓને ૧૧ ટકા શીડ્યુઅલ ટ્રાઈબ્સની સુવિધાવાળુ અલગ અનામત આપવા માંગ કરાશે. તેમ વિરાટ દેવીપૂજક સંઘના અધ્યક્ષ રૂપસંગભાઈ ભરડીયાએ જણાવ્યું છે.

ગુજરાતમાં વસતા દેવીપૂજક લોકો દ્વારા અનામતની માંગ સાથે ગાંધીનગરમાં એકત્ર થવા જઈ રહ્યા છે. તા. ૮ના રોજ સે. ૬ની સત્યાગ્રહ છાવણી ખાતે એકત્ર થનારા દેવીપૂજકો દ્વારા તેઓને અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરી અનેઓબીસીના ૨૭ટકા પૈકી ૧૧ ટકા અલગ અનામત આપવા માંગ કરવામાંઆવશે. વિરાટ દેવીપૂજક સંઘના અધ્યક્ષ રૂપસંગભાઈ ઘુઘાજી ધરભીડીયાએ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે ભારતની આઝાદી સમયે વિચરતી જાતિમાં ગણતરી કરાયેલા આદિવાસીઓને, અન્ય રાજ્યોમાં અમારી જ્ઞાતિને એસ.ટી. તરીકેઅનામતમાંસમાવવામાં આવી છે. જ્યારે તેમના જેવુ જ રખડતુ, ભટકતુ જીવન જીવનારા ગુજરાતના દેવીપૂજકો (વાઘરી, પારધી, શિકારી વગેરે નામ વાળી ૪૦ જ્ઞાતિ)ને અનામતના લાભથી વંચિત રાખવામાં આવ્યા છે. જેના પરિણામે દેવીપૂજકો પોતાનો વિકાસ કરવામાં નિષ્ફળ રહ્યા. સદીઓથી પોતાની જ સાથે વનવાસી જેવું જીવન જીવી રહેલા આદિવાસીઓને સરકારે અનામતરૂપી મદદ આપતા તેઓ પોતાનો ઝડપી વિકાસ સાધવામાંસફળ રહ્યા છે. જ્યારે અમારી જ્ઞાતિને કોઈ મદદ નહિ મળવાને કારણે દેવીપૂજકો અત્યંત પછાત રહેવા પામ્યા હોવાનુ જણાવતા રૂપસંગભાઈએ ઉમેર્યું હતુ કે સમગ્ર રાજ્યમાં વિચરતા રહેતા દેવીપૂજકોને અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરી તેને ૧૧ ટકા અનામત આપવી જોઈએ.

સંત મધર ટેરેસાના માતૃવાત્સલ્યને સ્મરણાંજલિ

"મધર ટેરેસા"નામ સાથે જ કરૂણા અને સેવાની ભાવના જાગૃત થઈ જાય છે. ભારતમાં લાખ્ખો દીન-દુઃખીયાની સેવામાં પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાંખનાર સમર્પિત મધર ટેરેસાને "સંત"નું બિરૂદ પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સ્કલ્વચર આર્ટિસ્ટ હરિન ભટ્ટે મધર ટેરેસાની અદ્‌ભૂત પ્રતિકૃતિ બનાવી સ્મરણાંજલિ અર્પિત કરી છે. હરિન ભટ્ટે આ ફેબ્રિક અને ક્લેનો ઉપયોગ કરી હાથ બનાવટથી આ પ્રતિકૃતિ તૈયાર કરી છે.

જે જિલ્લામાં આધાર એન્રોલમેન્ટ પડતર છે તે ઝડપી પુરી કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૫

રાજ્યના જે જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં આધાર એન્રોલમેન્ટ પડતર છે તે જિલ્લાઓના સંબંધિત જિલ્લા અધિકારીઓને આધાર એન્રોલમેન્ટમાં ઝડપ લાવવા અને ઝડપી કાર્યવાહી પૂર્ણ કરવા માટે કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આધાર એન્રોલમેન્ટ અંગે રાજ્યમાં થયેલી કામગીરી અંગેની સમીક્ષા રાજ્ય સરકાર કક્ષાએ તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ દ્વારા આધાર એન્રોલમેન્ટ અંગેનુંએક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યુ હતુ.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ પ્રેઝન્ટેશનમાં એવી વિગતો રજુ કરવામાં આવી હતી કે રાજ્યમાં ૯૨ ટકા જેટલી વસતીનું આધાર એન્રોલમેન્ટ પુરૂ થવામાં છે. રાજ્યના ૨૦૧ તાલુકાઓમાં૯૬ ટકા કરતાં પણ વધુ કામગીરી થઈ ગઈ છે. ૨૦૧૧ની અંદાજીત વસતી સંદર્ભે પણ ૯૦ટકા જેટલું એન્રોલમેન્ટ પુરૂ થયું છે.

આ પ્રેઝન્ટેશનમાં આધાર એન્રોલમેન્ટની વયજુથ વાર વિગતો રજુ કરવામાં આવી હતી. જેમાં ૩ થી ૫ વર્ષના ૩૫ ટકા અને ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થી અવસ્થાના બાળકોનું ૬૮ ટકા જેટલુ એન્રોલમેન્ટ થયું છે. જ્યારે ૧૮ વર્ષથી વધુઉંમરના નાગરિકોનું૯૬ ટકા એન્રોલમેન્ટ પુરૂ થયું છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગ દ્વારા વયજુથ વાર આધાર એન્રોલમેન્ટના રજુ કરવામાં આવેલ આંકડામાં વય જુથવાર એન્રોલમેન્ટમાં પણ જુદા જુદા જિલ્લાઓમાં તફાવત જોવા મળ્યો હતો. જેના પગલે રાજ્ય સરકારે બાળકોના આધાર એન્રોલમેન્ટ માટે પલ્સ પોલીયો જેવું અભિયાન ચલાવી શનિવાર રવિવારે પણ આ માટે ગોઠવણ કરી આ વયજૂથના બાકી રહી ગયેલા બાળોકને આધાર એન્રોલમેન્ટ હેઠળ આવરી લેવા સૂચન કરવામાં આવ્યું હતું.

સર્જન એજયુકેશન ટ્રસ્ટે વાસણા હડમતીયામાં શિક્ષક દિનની ઉજવણી કરી

સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૪ વાસણા હડમતીયા છાપરાના બાળકોને શિક્ષક દિન નિમિત્તે દેશી હિસાબ, પેન્સિલ તથા ચોકલેટ આપી ઉજવાયો હતો. બાળકોને અભ્યાસ કરવાથી જીવનમાં શું ફાયદો થાય એની સમજ આપવામાં આવી હતી.